GJAR020026762025

રજુ થયા તારીખ : ૦૫–૦૭–૨૦૨૫.
દાખલ થયા તારીખ : ૦૫–૦૭–૨૦૨૫.
ફેસલ થયા તારીખ : ૦૪–૦૮–૨૦૨૬
અવધિ: વર્ષ: , માસ: , સમય:

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**મોડાસાના મે. એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મોડાસા.**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ફો.કે.નં.૧૮૭૩/૨૦૨૫
આંક:–

શ્રી સરકાર
..... ..... ..... ફરીયાદી.

વિ રુ ધ્ધ

દમયંતીબેન વા/ઓ અશોકભાઈ કંથાભાઈ છારા,
રહે.છારાનગર તા.મોડાસા, જી.અરવલ્લી.
......... ......... આરોપી.

ગુનો :ધીગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(બીસીએએએફ)મુજબ...

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ફરીયાદીપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી :– એસ.આર.પટેલ
આરોપીપક્ષે વિધ્વાન વકીલશ્રી :– એ.જી.ધોરી.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**:: ચુ કા દો ::**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી રીતની છે કે,આ કામના આરોપીએ તા.૧૬–૦૨–૨૦૨૫ નાં રોજ કલાક–૯.૦૦ વાગે મોજે છારાનગર(જીવણપુર) ગામે આ કામની આરોપણે પ્રોહી. પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે જીવણપુર ગામની સીમમાં આવેલ પોતાના રહેણાંક ઘરની ચોપાડમાંથી એક પ્લાસ્ટિકના કેનમાં થી દેશી દારૂ લીટર–૦૫ જેની કિં.રૂ।.૧,૦૦૦/– નો રાખી પોલીસની રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી, ગુન્હો કરેલ હોય, તે મતલબની ફરીયાદ ટીંટોઈ પો. સ્ટે. માં પ્રોહી ગુ.ર.નં .૦૦૭૭/૨૦૨૫ તારીખ:૧૬.૦૨.૨૫ થી નોંધાવતાં,જે ફરીયાદ અનુસંધાને તપાસના અંતે આરોપી વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૫ બી.સી.એ.એ.એફ મુજબનો ગુનો કર્યાનુ હાલનું ચાર્જશીટ આ અદાલતમાં રજુ કરવામાં આવેલ છે.

૨. ચાર્જશીટના આધારે આ કામના આરોપીઓને ધોરણસર સમન્સ કરતા આરોપી નામદાર અદાલત સમક્ષ હાજર રહેતા તેઓને તેમની સામેના પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિ. પ્રો. કોડ ની કલમ–૨૦૭ પુરી પાડયાની ખાત્રી કરવામાં આવેલ છે અને આ કામના આરોપીની આંક–૦૫ તહોમતાનામું ફરમાવી આંક–૦૬ થી જવાબ લેતાં જેમાં આરોપી એ પોતાની સામેના ગુન્હાનો ઈન્કાર કરતા આ કામના આરોપી સામેની આગળની ન્યાયીક કાર્યવાહી ચલાવવામાં આવેલ.

૩. આ કામે આરોપી સામેની આગળની ન્યાયીક કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા

માટે નીચે મુજબનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**-::ફરીયાદ પક્ષનો મૌખીક પુરાવો::-**

| અનુ.નં | સાહેદોના નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી આશિર્વાદભાઈ નાથુભાઈની જુબાની | ૦૯ |
| ૨ | પંચ અક્ષયકુમાર અરવિંદભાઈ પરમારની સોગંદ પરની જુબાની | ૧૧ |
| ૩ | ત.ક.અ.સુરેશકુમાર સોમાભાઈની જુબાની | ૧૪ |

**-:: ફરીયાદપક્ષનો લેખિત પુરાવો::-**

| અનુ.નં | દસ્તાવેજી પુરાવાની વિગતો. | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૦ |
| ૨. | ગુન્હાવાળી સ્થાનિક જગ્યાનું પંચનામુ. | ૧૨ |
| ૩. | અભયકુમાર મહેન્દ્રભાઈ બારોટનો મરણનો દાખલો રજુ | ૧૩ |
| ૪. | રવાનગી પત્રક | ૧૫ |

૪. ફરીયાદ પક્ષ તરફનો પુરાવો પુરો થયેલાનુ જણાતાં આ કામે આરોપીનુ ક્રિ.પ્રો. કોડની કલમ: ૩૧૩ મુજબનુ વધારાનુ નિવેદન નોંધેલ છે. જેમાં આરોપીએ તેમની વિરૂધ્ધમાં પડેલ પુરાવાનો ઈન્કાર કરી, વિશેષમાં તેઓ નિર્દોષ છે અને તેમની સામે ખોટો કેસ કરેલ છે તેવું જણાવેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોના વિ. વકીલશ્રી ઓની દલીલો સાંભળવામાં આવી.

૫. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી પક્ષે વિધ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળેલ છે.

૬. આ કામે સદરહું કેસના નિર્ણય નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૧૬-૦૨-૨૦૨૫ નાં રોજ કલાક-૯.૦૦ વાગે મોજે છારાનગર(જીવણપુર) ગામે આ કામની આરોપણે પ્રોહી.

પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે જીવણપુર ગામની સીમમાં આવેલ પોતાના રહેણાંક ઘરની ચોપાડમાંથી એક પ્લાસ્ટિકના કેનમાં થી દેશી દારૂ લીટર–૦૫ જેની કિં.રૂા.૧,૦૦૦/– નો રાખી પોલીસની રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી, ગુન્હો કરેલ હોય, તે મતલબની ફરીયાદ ટીંટોઈ પો. સ્ટે. માં પ્રોહી ગુ.ર.નં .૦૦૭૭/૨૦૨૫ તારીખ:૧૬.૦૨.૨૫ થી નોંધાવતાં,જે ફરીયાદ અનુસંધાને તપાસના અંતે આરોપી વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૫ બી.સી.એ.એ.એફ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હૂકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નંબર–૧.**

૮. ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર માટે આંક: ૦૯ થી ફરીયાદી : આશિર્વાદભાઈ નાથુભાઈ ,એ.એસ.આઈ.ને સોગંદ ઉપર તપાસેલા છે.સદર ફરીયાદીના પુરાવા મુજબ તેઓ સને–૨૦૨૫ માં એલ.સી.બી. મોડાસા ખાતે એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૧૬/૨/૨૫ ના રોજ તેઓ તથા અ.હે.કો.કલ્પેશસિંહ કરણસિંહ તથા અ.હે.કો.અભેસિંહ કોદરસિંહ તથા અ.પો.કો. પ્રવીણભાઈ રમણભાઈ એ રીતના પો.સ્ટાફના માણસો મો.રૂ.પો.સ્ટે.ની હદમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન જીવણપુર ગામે આવતા, બાતમી હકીકત મળેલ કે, છારાનગર માં રહેતા દમયંતીબેન વા/ઓ અશોકભાઈ કંથાભાઈ છારા તથા રેશ્માબેન વા/ઓ ઉમેશ પ્યારેલાલ છારા તથા સુરેખાબેન વા/ઓ શેતાનભાઈ રણજીતભાઈ છારા નાઓ પોતાના ઘરે દેશી દારૂ ગાળી વેપાર કરે છે તેમજ તેમના ઘરે

દેશી દારૂ તથા દારૂ ગાળવાનો ગોળ મહુડાનો વોશ છે. જે બાતમી હકીકત ના આધારે નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી,પંચોને બાતમી હકીકતથી વાકેફ કરી, છારાનગર ગામે જઈ, સદરી પ્રથમ મહીલા દમયંતીબેન વા/ઓ અશોકભાઈ કં થાભાઈ છારા નાઓના ઘરે પંચો રૂબરૂ પ્રોહી ની રેડ કરતા, સદરી ના ઘરે કોઈ હાજર મળી આવેલ નહી. જેથી પંચો રૂબરૂ સદરી મહીલા ના ઘરની ઝડતી તપાસ કરતા, તેના ઘરના આગળના ભાગે સીમેટનુ ઘચીયાનો ચુલો બનાવેલ હતો. અને ચુલામાં લાકડા સળગતા હતા. ચુલા ઉપર જોતા એક લોખંડનુ પીપળુ મુકેલ હતુ. દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચાલુ હોય અને ચુલા ઉપર લોખંડને બેરલ ચઢાવેલ હતુ અને બેરલ ઉપર લોખંડનુ તગારૂ પાણી ભરેલ હાલતમાં મુકેલ હતુ.તે હટાવી જોતાં તેમાં ગોળ મહુડાનો વોશ ગરમ થઈ ઉકળતો હતો. બેરલમાંથી એક પ્લા.ની નળી લગાવેલ હતી.જેનો બીજો છેડો કાચની બોટલમાં મુકેલ હતો.જેમાં પ્રવાહી ટપકતુ હતુ.તે પ્રવાહીને અમો પંચો રૂબરૂ સુધી સુંગાવી જોતાં દેશી દારૂની પુષ્કળ તાજી વાસ આવતી હતી. જે બોટલમાં નો દેશી દારૂ લિ. ૦.૫૦૦ જેની કિ. રૂા. ૧ ૦૦/- નો મળી આવેલ. જે દેશી દારૂ ની કાચની બોટલ માંથી એક કાચની શીશી માં ૧૮૦ મીલી દેશી દારૂ ભરી, શીશી બુચ બંધ કરી, બાકીનો દેશી દારૂ બોટલમાં રહેવા દઈ, કેનનો બુચ બંધ કરી દીધેલ. તથા ચુલા ઉપર રાખેલ લોખંડનુ પીપ નીચે ઉતાળી જોતા બેરલમાં ગોળ મહુડાનો ઉકળતો વોશ લી. ૧૦ કી. રૂા. ૨૨૫/-નો મળી આવતાં તેમાંથી સેમ્પલ લઈ સીલ કરી બાકીનો વોશ સ્થળ ઉપર નાશ કરી, તથા દારૂ ગાળવાના ભઠ્ઠીના સાધનો જેમાં લોખંડનુ પીપ કીં.રૂ.૦/૦ અને પ્લા નળી કી.૦૦/- એમ મળી કુલ રૂા. ૩૨૫/- નો મુદામાલ એ.એસ.આઈ. અભેસિંહ કોદરસિંહનાઓની રૂબરૂ માં કરી તપાસ અર્થે કબજે લીધેલ.

બનાવ બાબતે અમોએ એ.એસ.આઈ અભેસિંહ કોદરસિંહ નાઓની રૂબરૂ માં ફરીયાદ આપેલ. મને તા. ૧૬/૨/૨૫ ના રોજની ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે. તેમાં તેમની સહી છે. જેને તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક:૧૦ આપવામાં આવે છે. જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

સદર ફરીયાદીની આરોપી તરફેની કરેલી ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,આરોપીના ઘરની માલીકી અંગેના કોઈ દસ્તાવેજો તે ઓએ રેડ સમયે ચકાસેલા નથી.તેમજ આરોપી સ્થળ ઉપરથી મળી આવેલ નહી.એ હકીકતનો સ્વીકાર કરેલ છે જયારે અન્ય હકીકતોતો ઈન્કાર કરેલ છે.

**૯.** આ કામે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે આંક:૧૪ થી ત.ક.અ. સુરેશભાઈ નાથાભાઈને તેઓ ને મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા છે.તેઓના પુરાવા મુજબ તેઓ સને-૨૦૨૫ માં ટીંટોઈ પો.સ્ટે. ખાતે અ.હે.કો. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૧૬/૨/૨૫ ના રોજની ફરીયાદ તેમની પાસે આવેલી અને ફરીયાદના અનુસંધાને તેમને સાહેદોના નિવેદનો લીધેલા.આરોપીની અટક પણ કરેલી.તેમજ પકડાયેલ મુદ્દામાલમાં આલ્કોહોલની હાજરી છે કે તેમ તે બાબતે એફ.એસ.એલ.અમદાવાદ ખાતે સેમ્પલ બોટલો મોકલેલી.જે રવાનગી પત્રક માં તેમની સહી છે.જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દા.આંક-૧૫આપવામાં આવે છે.આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ જણાઈ આવતાં નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ.આ કામના આરોપીને તેઓ જોયેથી ઓળખી શકુ. જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

સદર ફરીયાદીની આરોપી તરફેની કરેલી ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,આરોપીના ઘરની માલીકી અંગેના કોઈ દસ્તાવેજો પુરાવાઓ તપાસ દરમ્યાન મેળવેલા નહી.તેમજ આરોપી સ્થળ ઉપરથી મળી આવેલ નહી.એ હકીકતનો સ્વીકાર કરેલ છે જયારે અન્ય હકીકતોતો ઈન્કાર કરેલ છે.

૧૦. બાદમાં ફરીયાદપક્ષે આંક–૧૧ થી પંચ સાહેદ અઅક્ષયકુમાર અરવિંદભાઈ પરમારને મૌખીક પુરાવામાં તપાસેલા છે, તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાંવેલ છે કે,આજથી આશરે પંદર માસ અગાઉ તેઓ તેમના કામથી એલ.સી.બી.અરવલ્લી ગયેલા ત્યાં પોલીસે તેમને એક પંચનામામાં સહી કરવાનું કહેતાં તેમને સહી કરેલી. તેમને પંચનામાની વિગતો અંગે કોઈ જાત માહીતી નથી.પંચનામુ કઈ બાબતનુ હતુ તે તેઓ જાણતા નથી. તેમને ખરી નકલ પંચનામાની બતાવતા તેમાં તેમની સહી છે, જે રજુ દા.આંક:૧૨ બાદમાં પંચ સાહેદને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી સરકાર તરફે લીધેલ ઉલટતપાસમાં તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. બાદમાં આરોપી તરફે લીધેલ આ સાહેદની ઉલટતપાસમાં પોલીસે એક લખેલ તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતાં તેમાં તેમણે સહી કરેલી, આ સીવાય બીજું કાંઈ જાણતા નથી તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.

આમ,સદરહું પંચ સાહેદોના પુરાવા દરમ્યાન તેમણે રજુ કરેલા આંક–૧૨ ના ગુન્હાવાળી સ્થાનિક જગ્યાના પંચનામાની કોઈ હકીકત રેકર્ડપર પુરવાર કરવામાં આવેલ ન હોય તેથી તે પંચોના પુરાવા પુરાવામાં ગ્રાહય નથી.

૧૧. આમ,ઉપરોકત પંચ સાહેદોએ સ્વતંત્ર પંચ સાહેદ છે,જયારે પ્રોસીકયુશનના કેસને સમર્થન આપતા ન હોય ત્યારે આ કામે પોલીસ સાહેદોનો પુરાવો લેવાથી ન્યાયનો હેતું સરે તેમ નથી.પંચ સાહેદો સિવાય જે સાહેદો છે, તે પોલીસ સાહેદો છે, **સને ૧૯૯૬ (૪) કરન્ટ ક્રિ.રીપોર્ટસ પેઈઝ–૪ થી સંતોષ મહેરા વિરૂઘ્ઘ દિલ્હી**

**એડમીનીસ્ટ્રેશન અને બીજાના કેસમાં નામ. સુપ્રિમ કોર્ટની ડીવીઝનલ બેન્ચે** ઠરાવેલ છે કે.... જયારે જજને ચોકકસ પણ લાગે કે, કેસના સંજોગો ધ્યાને લેતા કેસનો અંત સજામાં પરીણમશે નહીં ત્યારે કોર્ટ નો અમુલ્ય સમય માત્ર પ્રોસીઝર પુરી કરવા માટે વેડફશો નહીં,..''.આ કામમાં જે પોલીસ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે, તેમાં ત.ક.અ. ને તપાસવામાં આવેલા છે, જેમના પુરાવાને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી લેશ માત્ર સમર્થન મળતું નથી, બનાવવાળી સ્થાનિક જગ્યાના આજુ બાજુવાળા વિસ્તારવાળાના કોઈ જ સાહેદોને આ કામે ત.ક.અ.એ તેમની તપાસ દરમ્યાન નિવેદન નોંધેલ નથી,જેથી તે આરોપીનો જ હોય તેવો લેશ માત્ર પુરાવો જણાંય આવેલ નથી, તેમજ આ કામે કોઈ એફ.એસ. એલ. ના કોઈ તજજ્ઞને આ કામે ફરીયાદપક્ષે તપાસેલ નથી.

૧૨. આ કામે રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવો જોતાં, ફરીયાદી તથા ત.ક.અ.પોતાની ફરીયાદ હકીકતોને સમર્થનકારી પુરાવો આપે છે.પરંતુ આ સાહેદ પોતે ફરીયાદી તથા ત.ક.અ.તેઓને સ્વાભાવીક રીતે પોતાનો કેસ પુરવાર કરવામાં રસ હોય,પરંતુ તેઓની જુબાનીને આ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી સમર્થન મળેલ નથી. આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લીધેલ નથી કે કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. આમ ફરીયાદપક્ષ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી ફરીયાદ હકીકત પુરવાર કરી શકેલ ન હોઈ, એકમાત્ર ફરીયાદી તથા ત.ક.અ.કે જે હિત ધરાવનાર સાહેદ છે તેઓની એકલાની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન

ઠરાવી શકાય નહી. સબબ આ કામે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે, આમ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ નથી તેમ ઠરાવી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર તરીકે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

૧૩. **–:: <u>આખરી હુ ક મ</u> ::–**

આ કેસના આરોપી: દમયંતીબેન વા/ઓ અશોકભાઈ કંથાભાઈ છારા,નાઓને ક્રિ. પ્રો.કોડ ની કલમ– ૨૪૮(૧) અન્વયે ધી પ્ર ોહીબીશન એકટની કલમ–૬૫( બીસીએએએફ) મુજબ મુજબના શિક્ષા પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતી મુજબના તમામ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો તેમ હુકમ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ની કલમ–૪૩૭(ક) મુજબ આરોપીએ અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમ ના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા. ૦૪ થી, માહે ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૪/૦૮/૨૬ (સુરભી શર્મા)
મુ.મોડાસા અધિક જ્યુડી.મેજી.ફ.ક.
મોડાસા.
એ.એન.પી.. કોડનં.જી.જે.૦૧૫૭૧